# મેરેજ લાઈસન્સીસ (લગ્ન પરવાનાઓ)

મેરેજ લાઈસન્સીસ માટે વૉક-ઈન્સ (એપોઈન્ટમેન્ટ વગર) અથવા એપોઈન્ટમેન્ટ લઈને આવવાની સર્વિસીસ હવે ઉપલબ્ધ છે. કૃપા કરી સીટી હૉલમાં હાજર રહેતા પહેલાં અથવા એપોઈન્ટમેન્ટ લેતા પહેલાં બધી જરૂરિયાતોની સમીક્ષા કરશો.

સિવિલ મેરેજ સમારંભોનું આયોજન માત્ર ઓફિસ કામકાજના કલાકો દરમિયાન માત્ર મંગળવારથી શુક્રવાર વચ્ચે (કાયદેસર રજાઓના અપવાદ સાથે) ઉપલબ્ધ છે.  તમારા મેરેજ સમારંભના આયોજનનું બુકિંગ અહીં કરાવો.

ઓન્ટેરિયોમાં પરણતા પહેલાં, તમારે મેરેજ લાઈસન્સ મેળવવું રહ્યું. લગ્ન સમારંભ થયા પછી મેરેજ લાઈસન્સ આપી શકાતું નથી. ઓન્ટેરિયોની મોટા ભાગની મ્યુનિસિપાલિટીસમાંથી મેરેજ લાઈસન્સીસ મેળવી શકાય છે અને તે આપ્યાની તારીખથી ત્રણ મહિના સુધી ઓન્ટેરિયોમાં કોઈપણ જગ્યાએ થતા લગ્ન સમારંભો માટે માન્ય રહે છે.

# મેરેજ લાઈસન્સ મેળવવું

મેરેજ લાઈસન્સીસ એપોઈન્ટમેન્ટ લઈને અથવા વૉક-ઈન સર્વિસથી (વહેલો તે પહેલો ધોરણે) મેળવી શકાય છે.

1. **ઓનલાઈન મેરેજ લાઈસન્સ એપ્લિકેશન** ભરો  - તમને રેફરન્સ નંબર પૂરો પાડવામાં આવશે, કૃપા કરી આ નોંધી લેશો કારણ કે સીટી હૉલમાં હાજર રહેતી વખતે તમને તેની જરૂર પડશે.

**અથવા**

2. કાગળ પરની **મેરેજ લાઈસન્સ અરજી** પ્રિન્ટ કરો, તે ભરો અને સહી કરીને તમારી સાથે સીટી હૉલમાં તે લાવો.

   તમારા મેરેજ લાઈસન્સ માટે એપોઈન્ટમેન્ટ બુક કરાવો અને સીટી હૉલમાં વૉક-ઈન આવો અને તમે આવો ત્યારે કિઓસ્ક પર ચૅક-ઈન કરો:

   - એક કે બંને અરજદારો હાજર રહી શકે અને આ અવશ્ય લાવવું રહ્યું -
     - કાગળ પરની સહી કરેલી મેરેજ એપ્લિકેશન અથવા જો અરજી ઓનલાઈન કરી હોય તો રેફરન્સ નંબર
     - બંને પક્ષો માટે બે ઓળખપત્રો - સ્વીકાર્ય ઓળખપત્રની યાદી નીચે જુઓ
     - કેનેડિયન છૂટાછેડાનો અસલ પુરાવો, જો લાગુ પડે
     - ઓન્ટેરિયો પ્રોવિન્સની વિદેશી છૂટાછેડાની અધિકૃતિ, જો લાગુ પડે - વધુ માહિતી નીચે જુઓ

નોંધ:  જો ઓળખપત્ર અંગ્રેજીમાં ન હોય તો, અસલ દસ્તાવેજોની સાથે, પ્રમાણિત ભાષાંતર પૂરું પાડવું રહ્યું.  પ્રમાણિત ભાષાંતર કેનેડિયન સર્ટિફાઈડ ટ્રાન્સલેટરે પૂરું પાડવું રહ્યું જેઓ કેનેડામાં નોંધાયેલ ટ્રાન્સલેશન એસોસિએશન સાથે જોડાયેલા હોય.  ઓન્ટેરિયોમાં, એસોસિએશન ઑફ ટ્રાન્સલેટર્સ ઍન્ડ ઈન્ટરપ્રિટર્સ ઑફ ઓન્ટેરિયો (ATIO) એક નોંધાયેલ ટ્રાન્સલેશન એસોસિએશન છે.

# ફી

$165.00 (HST લાગુ થતો નથી) - ડેબિટ, ક્રેડિટ કાર્ડ (Visa, MasterCard અને American Express) અને રોકડ સ્વીકાર્ય છે. મેરેજ લાઈસન્સ ફી રિફંડ કરી શકાતી નથી.

# ઓળખપત્રની જરૂરિયાતો

- અરજદાર દીઠ, બે (2) ઓળખપત્રો જરૂરી છે
- બંને ઓળખપત્રો અસલ હોવા રહ્યાં **(ફોટોકૉપી અને/અથવા પ્રમાણિત નકલો સ્વીકાર્ય નથી)**
- બંને ઓળખપત્રોની તારીખ એક્સ્પાયર્ડ (સમાપ્ત થયેલી) ના હોવી રહી
- એક ઓળખપત્રમાં ફોટો અચૂક હોવો રહ્યો
- એક ઓળખપત્રમાં સહી અચૂક સમાવેલી હોવી રહી
- બંને ઓળખપત્રોએ કાયદેસર નામ અને જન્મ-તારીખ અચૂક પૂરી પાડવી રહી
- બંને ઓળખપત્રો પર પહેલું નામ અને અટક અચૂક મળતા હોવા રહ્યાં (અને વચલું નામ/નામના આદ્યાક્ષરો (ઈનિશિયલ) જો તે મેરેજ લાઈસન્સ માટે ઉપયોગમાં લેવાનું હોય)
- નામ ફેરફારનું પ્રમાણપત્ર પૂરું પાડવું રહ્યું જો લાગુ પડે
- બધાં ઓળખપત્રો અંગ્રેજી કે ફ્રેંચમાં અથવા ભાષાંતર સાથે, એસોસિએશન ઑફ ટ્રાન્સલેટર્સ ઍન્ડ ઈન્ટરપ્રિટર્સ ઑફ ઓન્ટેરિયો (ATIO) દ્વારા પ્રમાણિત હોવા રહ્યાં.

### સ્વીકાર્ય ઓળખપત્ર સ્વરૂપો

- કેનેડિયન પાસપોર્ટ કે કેનેડિયન ટ્રાવેલ ડોક્યુમેન્ટ
- બીજા કોઈ દેશનો પાસપોર્ટ
- જન્મ પ્રમાણપત્ર
- કેનેડિયન સીટીઝનશિપ કાર્ડ કે સર્ટિફિકેટ
- ડ્રાઈવર્સ લાઈસન્સ
- સરકારી ફોટો આઈડી કાર્ડ
- કાયમી રહેવાસી કાર્ડ
- ઈન્ડિયન સ્ટેટસ કાર્ડનું પ્રમાણપત્ર
- નેક્સસ કાર્ડ
- મિલિટરી આઈડી
- ઈમિગ્રાન્ટ લેન્ડિંગનો રેકોર્ડ
- માન્ય કેનેડિયન રેફ્યુજી પ્રોટેકશન ક્લેઈમેન્ટ ડોક્યુમેન્ટ

### અસ્વીકાર્ય ઓળખપત્ર સ્વરૂપો

- સોશિયલ ઈન્સ્યોરન્સ કાર્ડ (SIN)
- હેલ્થ કાર્ડ
- સ્ટડી પરમિટ, વર્ક પરમિટ કે વિઝા
- (ધાર્મિક) આસ્થા-આધારિત જન્મ રેકોર્ડ
- ચૂંટણી ઓળખપત્ર કે દસ્તાવેજ
- ફિશિંગ (માછીમારી) કે અન્ય રમત-આધારિત લાઈસન્સ
- કાર્યસ્થળનો આઈડી બૅજ (બિલ્લો)

# માઈનર્સ (સગીર વયના)

16 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ પરણી **ના** શકે.  16 અને 17 વર્ષની ઉંમરના અરજદારો માટે, માતા-પિતા કે વાલીની સંમતિ અનિવાર્ય છે. સંમતિપત્ર ભરીને બંને માતા-પિતાઓ/વાલીઓએ સહી કરવી રહી, જેમાં કમિશ્નર ઑફ ઓથ્સ સાક્ષી હોવા રહ્યાં. મેરેજ ફોર્મ્સમાં માતા-પિતા કે વાલીની સંમતિના ફોર્મ્સ અમારી ઑફિસમાં ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે કૃપા કરી તમારી એપોઈન્ટમેન્ટ પહેલાં સીટી ક્લાર્કની ઑફિસનો સંપર્ક કરો.

# દુભાષિયાઓ (ઈન્ટરપ્રીટર્સ)

લાઈસન્સ મેળવનાર વ્યક્તિઓ અંગ્રેજી સક્ષમ રીતે બોલતા અને વાંચતા હોવા રહ્યાં, અથવા તેઓ સાથે દુભાષિયો હોવો રહ્યો. દુભાષિયો પૂરો પાડવો એ અરજદારની જવાબદારી છે. દુભાષિયાઓએ ઓળખપત્ર દેખાડવું રહ્યું અને ઘોષણા (ડિક્લેરેશન) ફોર્મ ભરવું અનિવાર્ય છે. વધુ માહિતી માટે કૃપા કરી તમારી એપોઈન્ટમેન્ટ પહેલાં સીટી ક્લાર્કની ઑફિસનો સંપર્ક કરો.

# છૂટાછેડા

## કેનેડિયન ડાઈવોર્સ

**ડાઈવોર્સ સર્ટિફિકેટ**ની **અસલ** કે **કોર્ટ પ્રમાણિત નકલ** હોવી જરૂરી છે. ફોટોકૉપી સ્વીકારવામાં આવશે નહીં. અસલ કે કોર્ટ પ્રમાણિત નકલો છૂટાછેડાની મંજૂરી આપનાર કોર્ટ પાસેથી મેળવી શકાય, અને તમને તે પરત મોકલવામાં આવશે. કોર્ટે આપેલું જજમેન્ટ (ચુકાદો) કે કોર્ટ ઓર્ડર (છૂટાછેડાનો હુકમ) સ્વીકારવામાં આવશે નહિ – ડાઈવોર્સ સર્ટિફિકેટ હોવું જરૂરી છે.

## વિદેશી છૂટાછેડા

કેનેડા બહારથી અપાયેલા છૂટાછેડા માટે, ઓન્ટેરિયો પ્રોવિન્સમાંથી વિદેશી છૂટાછેડા અધિકૃતિ મેળવવી અનિવાર્ય છે. આ પ્રક્રિયામાં ચાર (4) અઠવાડિયાનો સમય લાગી શકે છે.

વિદેશી છૂટાછેડાની અધિકૃતિ મેળવવાના હેતુસર, અરજદારોએ ServiceOntario (સર્વિસ ઓન્ટેરિયો)ને નીચેના દસ્તાવેજો રજૂ કરવા અનિવાર્ય છે:

- **મેરેજ લાઈસન્સ એપ્લિકેશન ફોર્મ**: ભરેલું અને સહી કરેલું

- **[એકલ જવાબદારીનું નિવેદન](#)**: દરેક છૂટાછેડા માટે (પરણવા તૈયાર બંને લોકો અને સાક્ષી)
- **કાનૂની અભિપ્રાય પત્ર:** ઓન્ટેરિયોના વકીલનો, પરણવા તૈયાર બંને લોકોને સંબોધતો પત્ર, જે છૂટાછેડા અથવા રદબાતલને ઓન્ટેરિયોમાં માન્યતા કેમ આપવી જોઇએ તેના કારણો દર્શાવે
- **છૂટાછેડાનું હુકમનામું (ડાઈવોર્સ ડિક્રી) અથવા રદબાતલ:** અંગ્રેજી કે ફ્રેંચમાં અસલ કે કોર્ટ-પ્રમાણિત નકલ. જો હુકમનામું બીજી કોઈ ભાષામાં હોય તો, ભાષાંતર કરેલી નકલ અને સર્ટિફાઇડ ટ્રાન્સલેટરનું સોગંદનામું, સમાવવું રહ્યું.

આ દસ્તાવેજો સીધેસીધા આ સરનામે મોકલવા રહ્યાં:

ServiceOntario
Marriage Office
PO Box 4600
189 Red River Road
Thunder Bay ON  P7B 6L8

એકવાર અરજદારોને ServiceOntario પાસેથી આ *પરણવાની અધિકૃતિ* મળે એટલે, તેઓ મેરેજ લાઇસન્સ માટે અરજી કરી શકે છે.

વધુ માહિતી અમારી ઑફિસમાં અને [ServiceOntario](#) પાસે ઉપલબ્ધ છે.

# વધુ માહિતી

ઓન્ટેરિયોમાં પરણવાને લગતી વધુ માહિતી માટે કૃપા કરી [ServiceOntario](#) ની મુલાકાત લો.

વધુ માહિતી માટે કૃપા કરી સીટી ક્લાર્કની ઑફિસનો સંપર્ક 905.874.2100 નંબર પર અથવા [marriage.licence@brampton.ca](mailto:marriage.licence@brampton.ca) ને ઈમેઇલ મોકલીને કરો.